પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SATURDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **ખાસ સંક્ષિપ્ત સુધારણા અંતર્ગત જાહેર થયેલી મુસદ્દા મતદાર યાદીમાં રાજ્યમાં ચાર કરોડ 48 લાખથી વધુ મતદારો.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ છોટાઉદેપુર ખાતેના પ્રવાસના પહેલા દિવસે આદિવાસી નેતાઓ સાથે બેઠક યોજી.**
3. **કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક અને તેમાંથી બનતા ઉત્પાદનોના નોંધાયેલા ઉત્પાદકોની સંખ્યામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે.**
4. **વડોદરા પાસેથી એટીએસે ઝડપેલા જૈશ એ મહોમ્મદ સાથે સંકળાયેલા આરોપીના 14 દિવસના રિમાન્ડ મંજૂર.**
5. **ક્રાઇસ્ટચર્ચ ટેસ્ટના બીજા દિવસે ન્યુઝીલેન્ડ 356 રને ઓલ આઉટ.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

SSR

રાજ્યમાં **SIR** બાદ આઠ લાખ 46 હજારથી વધુ નવા મતદારો ઉમેરાયા છે. રાજ્યમાં ચૂંટણી પંચ દ્વારા ફોટો મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા – **SSR** અંતર્ગત એકીકૃત મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ યાદી મુજબ રાજ્યમાં કુલ ચાર કરોડ 48 લાખ 77 હજાર 288 મતદારો નોંધાયા છે, જે આઠ લાખ 46 હજાર 563 મતદારોનો વધારો દર્શાવે છે.

નાગરિકો, મુસદ્દા મતદાર યાદીમાં પોતાના નામ અને વિગતો ચકાસી તથા જરૂર જણાય ત્યાં નિયત સમયગાળા દરમિયાન અરજી રજૂ કરી શકે છે. હક્ક-દાવા અને વાંધા અરજીઓ 26 ડિસેમ્બર સુધીમાં રજૂ કરી શકાશે. નાગરીકો પાસેથી અરજીઓ સ્વીકારવા માટે ખાસ ઝુંબેશના દિવસો દરમિયાન એટલે કે આવતીકાલ તથા 6 અને 13ડિસેમ્બરના રોજ બૂથ લેવલ ઓફિસર્સ સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી મતદાન મથકો પર ઉપસ્થિત રહેશે.

વધુ માહિતી માટે મતદારો ચૂંટણીપંચના મતદાર હેલ્પલાઇન નંબર 1950 પર સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે છે. આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ 18 જાન્યુઆરી 2027ના રોજ કરવામાં આવશે.

HARSH SANGHVI CHHOTA UDEPUR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગઇકાલથી ત્રણ દિવસ છોટા ઉદેપુર જિલ્લાના પ્રવાસે છે. આ દરમિયાન તેઓ કવાંટ અને જેતપુર પાવી તાલુકાના આદિવાસી વિસ્તારોની મુલાકાત લઈ સ્થાનિક લોકો સાથે સીધો જનસંવાદ, જનસુનાવણી, સંગઠનાત્મક બેઠકો તથા વહીવટી વિકાસકાર્યોની સમીક્ષા કરી રહ્યા છે.

ગઇકાલે શ્રી સંઘવીએ પાવી જેતપુર વિધાનસભાના ભાજપના હોદ્દેદારો સાથે બેઠક યોજી સંગઠનની કામગીરી અંગે ચર્ચા કરી હતી. રાત્રે સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે ખાટલા બેઠક યોજી તેમના પ્રશ્નો સાંભળ્યા હતાં.

આજે તેઓ હાફેશ્વર ખાતે જેટી પ્રોજેક્ટ, ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનના ટુરિઝમ રિસેપ્શન કાઉન્ટર અને રેવા ઇકો ટુરિઝમ સાઇટની મુલાકાત લેશે. **GMDC** કડીપાણી ખાતે વહીવટી સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજશે. જનસુનાવણી અને જાહેર ફરિયાદ નિવારણ કેમ્પ યોજી વેપારી મંડળ, આદિવાસી યુવાનો અને ગ્રામજનો સાથે સંવાદ કરશે.

આવતીકાલે તેઓ પાનવડ, પાણીબાર અને જેતપુર પાવી તાલુકાના વિવિધ વિસ્તારોની મુલાકાત લેશે.

DyCM VDR PROG

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સમાજની શાંતિ અને સુરક્ષા માટે ગુનેગારો સામે કડક વલણ અપનાવવાની આવશ્કયતા પર ભાર મૂક્યો છે.

વડોદરામાં ઋષભાયન થ્રી પોઈન્ટ ઓ-ના ઉદ્ઘાટન સમારોહ અને સર્વધર્મ સંત સમાગમ કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ આ વર્ષના 'ઋષભાયન'ના મુખ્યવિષય 'દંડનીતિ અને ભારતીય સંસ્કૃતિના પાયાના સિદ્ધાંતો' અંગે વિચાર રજૂ કર્યા.

તેમણે ભૂલથી થયેલા ગુના અને જાણીજોઈને વારંવાર આચરતા ગુના વચ્ચેનો તફાવત પણ સ્પષ્ટ કર્યો.

BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER

(તમારા વાતોમાં બી અને તમારા આ જે સત્ર છે તેમાંય કોઈ વ્યક્તિ ભૂલથી ગુનો કરે તો એને દંડનીતિ સિવાયનો બી રસ્તો હોવો જોઈએ. પરંતુ કોઈ વ્યક્તિ જાણી જોઈને ગુનો કરે છે અને એ વ્યક્તિ જાણી જોઈને વારંવાર ગુનો કરે છે, તો એના માટે તમે કોઈ માનવતા વચ્ચે નહીં લાવતા કારણ કે માનવતાનું સ્થાન આવા ગુનેગારો માટે સમાજમાં ક્યાંય છે નહીં અને હોવો બી ના જોઈએ.)

GSM CIVIL HOSPITAL AWARD

ગીરસોમનાથ જિલ્લામાં વેરાવળની સિવિલ હૉસ્પિટલને આયુષ્માન ભારત યોજના હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજ્યકક્ષાના બે પ્રતિષ્ઠિત પુરસ્કાર એનાયત કરાયા.

ગાંધીનગર ખાતે યોજાયેલા પુરસ્કાર સમારોહમાં પ્રધાનમંત્રી જન-આરોગ્ય યોજના – **PM JAY** અંતર્ગત જિલ્લાકક્ષાની હૉસ્પિટલમાં સૌથી વધુ દાવાઓ નોંધાવવા બદલ પુરસ્કાર એનાયત કરાયો. જ્યારે આયુષ્માન ભારત ડિજિટલ મિશન હેઠળ રિકોર્ડ લિન્કેજની ઉત્કૃષ્ટ કામગીરી બદલ બીજો પુરસ્કાર અપાયો હોવાનું વેરાવળ સિવિલ હૉસ્પિટલનાં તબીબી અધિક્ષક ડૉ. જિગ્નેશ પરમારે જણાવ્યું.

(BYTE: DR. JIGNESH PARMAR, SUPERINTENDENT, VERAVAL CIVIL HOSPITAL)

GUJARAT COMPOSTABLE FIRST RANK

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા રજૂ કરાયેલા રાજ્યવાર આંકડા મુજબ, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિક અને તેમાંથી બનતા ઉત્પાદનોના નોંધાયેલા ઉત્પાદકોની સંખ્યામાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે. રાજ્યમાં હાલમાં **62** નોંધાયેલા ઉત્પાદકો છે, જે બીજા ક્રમે રહેલા તમિલનાડુના **42** ઉત્પાદકો કરતાં **20** ઉત્પાદક વધુ છે.

ગત જાન્યુઆરીમાં રાજકોટ ખાતે યોજાયેલી કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' ની શરૂઆત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ અને પર્યાવરણ સંરક્ષણ અંગેના સેમિનારથી થઈ હતી. જેમા ઉદ્યોગસાહસિકો, **GPCB**ના અધિકારીઓ, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓને કમ્પોસ્ટેબલ પ્લાસ્ટિકના ધોરણો અને **CPCB** સર્ટિફિકેશન પ્રક્રિયા વિશે સમજણ અપાઇ હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

PORBANDAR NATURE BEACH

પોરબંદર શહેર નજીક રતનપર ખાતે રમણીય નેચરલ બીચ આવેલ છે, ત્યારે આ નેચરલ બીચને મનપા દ્વારા **1.10** કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત કરાશે.

મનપા દ્વારા આ બીચ પર કુદરતી સુંદરતાને ખલેલ પહોંચાડ્યા વગર આધુનિક સુવિધા ઊભી કરાશે. આ પ્રોજેકટ આગામી ત્રણ માસમાં પૂર્ણ કરવામાં આવશે તેમ પોરબંદરના મેયર સાગર મોદીએ જણાવ્યું હતું.

BYTE - SAGAR MODI, MAYOR PMC

ATS ACCUSED REMAND

વડોદરા પાસેથી ઝડપાયેલા જૈશ એ મહોમ્મદ સાથે સંકળાયેલા એક આરોપીના 14 દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે. ગુજરાત એટીએસે આ ઓરોપીને ઝડપીને પાડીને વાઘોડિયા કોર્ટમાં રજૂ કર્યો હતો. આરોપી પાસેથી હથિયારો પણ ઝડપાયા હતા. આરોપીએ વાયુસેના સ્થળોની રેકી કરી હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું હતું.

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **140**-મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શન તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યુઝ ઓન **AIR** મોબાઈલ એપ પર કાર્યક્રમનું પ્રસારણ કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, **DD NEWS**, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યૂ ટ્યૂબ ચેનલ પર પણ “મનકી બાત” કાર્યક્રમનું સીધું પ્રસારણ કરાશે.

આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરતજ આ કાર્યક્રમનું પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

NUSRSING CONFERENCE

દર્દી-કેન્દ્રિત ઇન્ફ્યુઝન કેર અને ક્લિનિકલ ઉત્કૃષ્ટતાને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે ઇન્ફ્યુઝન નર્સિસ સોસાયટી (INS) ઇન્ડિયા દ્વારા અમદાવાદમાં બે દિવસની 'INS ગુજરાત 2026 – 14મી રાષ્ટ્રીય વાર્ષિક પરિષદ'નો આરંભ થયો છે.

ક્લિનિકલ ઉત્કૃષ્ટતાને આગળ વધારવાનો, સલામત ઇન્ફ્યુઝન પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો અને દર્દી-કેન્દ્રિત સંભાળને મજબૂત બનાવવાનો આ પરિષદનો હેતુ હોવાનું આયોજક કેપ્ટન મધુકર્ય રેએ જણાવ્યુ હતું.

BYTE: MADHUKARYA RAY, PRESIDENT INS

SABARMATI METRO STATION

અમદાવાદ સ્થિત સાબરમતી રેલવે મેટ્રો સ્ટેશન આજથી મુસાફરો માટે ખુલ્લું મુકાશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર સાબરમતી સ્ટેશનથી પ્રથમ મેટ્રો ટ્રેન એપીએમસી માટે સવારે 6 ને 27 મિનિટે ઉપડશે, જ્યારે છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 11 ને 35 મિનિટે કોટેશ્વર રોડ માટે ઉપડશે.

આ નિર્ણયથી મેટ્રો મુસાફરો તેમજ સાબરમતી રેલવે સ્ટેશન અવરજવર કરતા પ્રવાસીઓને મોટી સુવિધા મળશે.

FINAL CRICKET

પુરુષ ક્રિકેટમાં, ક્રાઇસ્ટચર્ચમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે છેલ્લા અહેવાલ મળ્યા મુજબ ભારતે એક વિકેટે ચાર રન બનાવ્યા છે. બીજા દિવસે ભારતીય બોલરોએ મજબૂત શરૂઆત કરી ન્યુઝીલેન્ડને 356 રનમાં ઓલ આઉટ કર્યું. ભારત તરફથી આકાશ દીપે સૌથી વધુ 5 વિકેટ ઝડપી.

DIU MOCDRILL

સિવિલ ડિફેન્સના સહયોગથી, દીવમાં સિવિલ ડિફેન્સ એર રેઇડ, બ્લેકઆઉટ મોક ડ્રીલ યોજાઈ હતી.

આ મોક ડ્રીલનો ઉદ્દેશ્ય હવાઈ હુમલા અથવા પ્રતિકૂળ પરિસ્થિતિઓ જેવી કટોકટીની પરિસ્થિતિઓ માટે તૈયારીઓનું મૂલ્યાંકન કરવાનો, એર રેઇડ પ્રારંભિક ચેતવણી પ્રણાલી અને બ્લેકઆઉટ વ્યવસ્થાઓની અસરકારકતાનું મૂલ્યાંકન કરવાનો, સ્થળાંતર, બચાવ અને કટોકટી પ્રતિભાવ પદ્ધતિઓની કાર્યક્ષમતાનું પરીક્ષણ કરવાનો, વિવિધ સંબંધિત વિભાગો અને એજન્સીઓ વચ્ચે સંકલનને મજબૂત બનાવવાનો અને સામાન્ય લોકોમાં કટોકટીની પરિસ્થિતિઓ વિશે જાગૃતિ લાવવાનો હતો.